પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭● અંક : ૨૭૯● કુલ પાના : ૪● તારીખ : ૧૯-૦૭-૨૦૨૪ શુક્રવાર ●કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નીટ પેપર લીક: વિદ્યાર્થીઓની ઓળખ છુપાવતી વખતે શહેર અને કેન્દ્ર મુજબના સ્કોર્સ પ્રકાશિત કરો,સુપ્રીમ કોર્ટ



નવીદિલ્હી,

મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે નીટ યુજી પરીક્ષામાં ગેરરીતિઓ સંબંધિત ૪૦ અરજીઓ પર ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ મામલામાં સીજેઆઈ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ડિવિઝન બેન્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે એનટીએને શનિવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં વિદ્યાર્થીઓના સ્કોર્સ સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

નીટ યુજી પરીક્ષામાં ગેરરીતિઓ અંગેની સુનાવણીમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું, "વિદ્યાર્થીઓની ઓળખ છુપાવતી વખતે શહેર અને કેન્દ્ર મુજબના સ્કોર્સ પ્રકાશિત કરો." હવે આ મામલામાં નિર્ણાયક સુનાવણી ૨૨ જુલાઈએ થશે. સુપ્રીમ કોર્ટ નક્કી કરશે કે નીટ યુજી પરીક્ષા ફરીથી લેવામાં આવે કે નહીં.

સુનાવણી દરમિયાન અરજદારના વકીલ નરેન્દ્ર હુડ્ડાએ કહ્યું કે, "પરીક્ષાના ૫ મહિના પહેલા એનટીએએ અભ્યાસક્રમ વધાર્યો હતો. આને ગ્રેસ માર્કસનો આધાર બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ, અનિયમિતતાને છુપાવવા માટે, ફરીથી પરીક્ષા લેવામાં આવી હતી." આ દરમિયાન સીજેઆઈએ પૂછ્યું- "૨૩.૩૩ લાખમાંથી કેટલા વિદ્યાર્થીઓએ તેમના સેન્ટર બદલ્યા છે?" તેના પર એનટીએએ કહ્યું- "હાલમાં સિસ્ટમમાંથી આ ડેટા મેળવી શકાતો નથી."

જો કે, આજની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે પરીક્ષામાં ગેરરીતિઓ થઈ છે, તેથી તેમાં કોઈ શંકા નથી. કોર્ટે કહ્યું, "એ સ્પષ્ટ છે કે પેપર લીક થયું છે. પ્રશ્ન એ છે કે તેનો વ્યાપ કેટલો મોટો છે. બે વિદ્યાર્થીઓની ગેરરીતિના કારણે આખી પરીક્ષા રદ કરી શકાય નહીં. જો ગુનેગારોની ઓળખ કરવામાં ન આવે તો, પરીક્ષામાં પ્રવેશ કરવો પડશે. ફરીથી હાથ ધરવામાં આવશે." જો પેપર ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા લીક થાય, તો તે જંગલની આગની જેમ ફેલાય છે."

એનટીએએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી એફિડેવિટમાં જણાવ્યું હતું કે, "ફક્ત પટના અને ગોધરાના કેટલાક કેન્દ્રોમાં પરીક્ષા દરમિયાન ગેરરીતિઓ થઈ છે. આનાથી સમગ્ર પરીક્ષાની પવિત્રતાને અસર થઈ નથી. પટના અને ગોધરાના વિદ્યાર્થીઓએ અસામાન્ય રીતે ઉચ્ચ સ્કોર હાંસલ કર્યો છે. "વાઈરલ થયેલો ટેલિગ્રામ વીડિયો પણ નકલી છે. આ મામલે ૧૫૩ કેસ નોંધાયા છે. સુપ્રીમ કોર્ટે નીટ વિવાદ પર ૮ જુલાઈએ પ્રથમ સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે એનટીએ, કેન્દ્ર સરકાર, સીબીઆઈ અને અરજદારોને એફિડેવિટ દાખલ કરવા માટે ફરીથી પરીક્ષાની માંગણી કરી હતી. આ માટે ૧૦મી જુલાઈની સમયમર્યાદા આપવામાં આવી હતી. આ પછી, નીટ પર બીજી સુનાવણી ૧૧મી જુલાઈએ થઈ હતી. ત્યારપછી આ કેસની સુનાવણી ૧૮ જુલાઈ સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.

નીટ યુજી ૨૦૨૪ની પરીક્ષા ૫મી મેના રોજ યોજાઈ હતી. પરીક્ષામાં ગેરરીતિ અને પેપર લીક થવાના આક્ષેપો બાદ વિદ્યાર્થીઓએ અલગ-અલગ જગ્યાએ દેખાવો કર્યા હતા. નીટ યુજી પરીક્ષામાં ઘણા માર્કસ આપવાના આક્ષેપો થયા છે. જેના કારણે આ વર્ષે રેકોર્ડ ૬૭ વિદ્યાર્થીઓએ પરફેક્ટ સ્કોર સાથે ટોપ રેંક હાંસલ કર્યો છે. ગત વર્ષે માત્ર બે વિદ્યાર્થીઓ જ ટોપ રેંકમાં આવ્યા હતા. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓનો આરોપ છે કે યોજના હેઠળ ઘણા વિદ્યાર્થીઓના માર્કસ વધ્યા અને ઓછા કરવામાં આવ્યા છે. બીજી તરફ ૬ કેન્દ્રોમાં પરીક્ષા લેવામાં વિલંબ થયો હતો. સમયના બગાડને વળતર આપવા માટે, આવા કેન્દ્રોમાં ઓછામાં ઓછા ૧૫૦૦ વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક્સ પણ આપવામાં આવ્યા હતા, જેઓ તપાસ હેઠળ છે.

નીટ યુજીમાં પેપર લીક થયાના આક્ષેપો પણ થયા છે. બિહાર પોલીસની ઈકોનોમિક ઓફેન્સીસ વિંગે ગયા મહિને કહ્યું હતું કે તેની તપાસમાં બહાર આવ્યું છે કે ૫ મેની પરીક્ષા પહેલા લગભગ ૩૫ વિદ્યાર્થીઓને લ્રઈઈ્ પેપર્સ અને જવાબો આપવામાં આવ્યા હતા. પોલીસે આ કેસમાં ૧૩ લોકોની ધરપકડ કરી છે. મેઘાલય, હરિયાણા, છત્તીસગઢ, સુરત અને ચંદીગઢના ઓછામાં ઓછા ૬ પરીક્ષા કેન્દ્રોમાં પેપરો સમયસર વિતરિત થયા ન હતા. એટલે કે વિદ્યાર્થીઓને પરીક્ષા માટે ૩ કલાક ૨૦ મિનિટ પણ મળી નથી. વિદ્યાર્થીઓએ સમયનો વ્યય થતો હોવાની ફરિયાદ કરી હતી. જે બાદ કોર્ટ દ્વારા તૈયાર કરાયેલી ફોર્મ્યુલાના આધારે આ કેન્દ્રોના વિદ્યાર્થીઓને ગ્રેસ માર્કસ આપવામાં આવ્યા હતા.સીબીઆઈ પહેલા બિહારની પટના પોલીસે પરીક્ષામાં કથિત ગોટાળાની તપાસ શરૂ કરી હતી. પરીક્ષાના બીજા જ દિવસે એટલે કે ૬ઠ્ઠી મે, પટના પોલીસે પેપર લીકની આશંકા પર એફઆઈઆર નોંધી. ૧૧ મેના રોજ કથિત પેપર લીક કેસમાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પરીક્ષાની તપાસ માટે દેશભરમાં દેખાવો શરૂ થયા. બીજી તરફ આ મામલો દેશની સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો.

## કુપવાડામાં એક્રાઉન્ટર, સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા



જમ્મુ

જમ્મુ વિભાગના ડોડા જિલ્લા બાદ હવે કાશ્મીરના ઉત્તરીય ક્ષેત્રમાં કુપવાડા જિલ્લાના કેરન સેક્ટરમાં એક્રાઉન્ટર શરૂ થયું છે. ગુરુવારે સરહદી વિસ્તાર કેરનમાં ભારત-પાકિસ્તાન નિયંત્રણ રેખા પાસે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર થયો હતો. આર્મીના ૬ આરઆર અને પોલીસના એસઓજીના જવાનો સ્થળ પર તૈનાત છે. અહીં જવાનોએ બે આતંકીઓને ઠાર કર્યા છે. ગુરુવારે જમ્મુ-કાશ્મીરમાં હવામાન બગડ્યું હતું. અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. વાદળછાયું વાતાવરણ છે. જેના કારણે ડુંગરાળ વિસ્તારો ધુમ્મસથી ઘેરાયેલા છે. આ દરમિયાન સુરક્ષા દળોએ આતંકીઓ સામે ઝપાઝપી કરી છે.બીજી તરફ ડોડામાં પણ એક્રાઉન્ટર ચાલી રહ્યું છે. પ્રતિકૂળ હવામાન વચ્ચે સમયાંતરે ગોળીબાર થઈ રહ્યો છે. ડોડામાં સોમવારથી આતંકીઓને શોધવાનું ઓપરેશન ચાલી રહ્યું છે. ચાર દિવસમાં ડોડામાં આ ત્રીજી એક્રાઉન્ટર છે, પરંતુ સુરક્ષા દળોને હજુ સુધી સફળતા મળી નથી. ગાઢ જંગલો, ઉંચા પહાડો અને ખરાબ હવામાન સુરક્ષા દળો માટે એક પડકાર છે, પરંતુ સૈનિકો અડગ ઊભા છે. એક અધિકારીએ કહ્યું કે ટૂંક સમયમાં આતંકીઓનો ખાત્મો કરવામાં આવશે. રામબન-ડોડા રેન્જના ડીઆઈજી શ્રીધર પાટીલે જણાવ્યું કે ઓપરેશન હજુ ચાલુ છે. તે ટૂંક સમયમાં પૂર્ણ થશે.ડોડાના કાસ્તીગઢ વિસ્તારમાં સવારે ૨ વાગ્યાની આસપાસ થયેલા એક્રાઉન્ટરમાં બે જવાન ઘાયલ થયા છે. સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ તેને કમાન્ડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તેની અહીં સારવાર ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આ દરમિયાન સેનાને રાત્રે શંકાસ્પદ ગતિવિધિઓ જોવા મળી હતી. તાત્કાલિક શોધખોળ દરમિયાન, આતંકવાદીઓ સાથે સંપર્ક સ્થાપિત થયો, ત્યારબાદ એક્રાઉન્ટર શરૂ થયું. તેમણે કહ્યું કે પ્રારંભિક ગોળીબારમાં સેનાના બે જવાન ઘાયલ થયા છે.




## ગુજરાતના ૧૩ જિલ્લાઓમાં પહોંચ્યો મોતનો વાયરસ, ૧૫ બાળકોને ભરખી ગયો





અમદાવાદ,

એક તરફ કોરોના વાયરસનો ફરી પગપેસારો થઈ રહ્યો છે. તો બીજી તરફ ગુજરાતમાં ચાંદીપુરા વાયરસથી હાહાકાર મચી ગયો છે. ગુજરાતના ૧૩ જિલ્લામાં ચાંદીપુરા વાયરસ પહોંચી ગયો છે. જેણે અત્યાર સુધી ૧૫ બાળકોના જીવ લીધા છે. ઉત્તર ગુજરાતમાં ૭, સૌરાષ્ટ્રમાં ૫ અને મધ્ય ગુજરાતમાં ૨ બાળકોનો આ વાયરસે ભોગ લીધો છે.

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસથી હાહાકાર મચી ગયો છે. મોતનો વાયરસ વાયુવેગે બાળકોને આ મોતનો વાયરસ ભરખી ગયો છે. તો ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કુલ ૨૭ શંકાસ્પદ કેસ મળી આવ્યા છે. શંકાસ્પદ ચાંદીપુરાથી અત્યાર સુધીમાં ૧૫ બાળકો મોતને ભેટ્યા છે. ગુજરાતના ૧૩ જિલ્લા સુધી આ મોતનો વાયરસ પહોંચી ગયો છે. જેમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ૭ બાળકોના મોત થયા છે. તો સૌરાષ્ટ્રમાં ૫ બાળકો મોતના વાયરસનો ભોગ બન્યાં છે. મધ્ય ગુજરાતમાં ચાંદીપુરાથી ૩ બાળકનાં મોત નિપજ્યાં છે. આ સાથે જ આખા દેશની વાત કરીએ તો દેશમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના ૨૯ કેસ નોંધાયા છે. જેમાં રાજસ્થાનમાં પણ એક બાળકનું મોત થઈ ચુક્યું છે. રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિને લઈને આરોગ્ય વિભાગ એક્શનમાં આવ્યું છે. આજે આરોગ્ય વિભાગની મહત્વની બેઠક મળશે. આરોગ્યમંત્રીની અધ્યક્ષમાં મળનારી બેઠકમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિની સમીક્ષા થશે. રાજ્યના તમામ જિલ્લા,મહાનગરના આરોગ્ય અધિકારીને આ બેઠકમાં વીડિયો કોન્ફરન્સમથી જોડવામા આવશે. રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ હાજર રહેશે. રાજ્યની મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ તંત્રના ડોક્ટરોને પણ વીસીથી જોડવામાં આવશે. ચાંદીપુરા વાયરસની વર્તમાન સ્થિતિ અને તેના અટકાયતી પગલાઓ અંગે ચર્ચા થશે.

બીજી તરફ આરોગ્ય મંત્રી હૃષિકેશ પટેલનું કહેવું છે કે, સાબરકાંઠા, અરવ્વલી, મહિસાગર, ખેડા, મહેસાણા અને રાજકોટ જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા છે. આ ઉપરાંત, રાજસ્થાનના ૨ અને મધ્યપ્રદેશના ૧ દર્દીને ગુજરાતની હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચાંદીપુરા વાયરસ પ્રભાવિત વિસ્તારોમાં ૪૪,૦૦૦ થી વધુ લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી છે.

## ભારતની ધરતી પર આતંક ફેલાવવાનું ષડયંત્ર, ચીની બનાવટની પિસ્તોલ અને અનેક રાઉન્ડ ગોળીઓ મળી



નવીદિલ્હી

બોર્ડર સિક્યોરિટી ફોર્સ એટલે કે બીએસએફે તરનતારન જિલ્લાના સરહદી વિસ્તારમાંથી ૪ ચાઈનીઝ બનાવટની પિસ્તોલ અને ૫૦ રાઉન્ડ ગોળીઓ જપ્ત કરી છે. મામલો ૮ જુલાઈ ૨૦૨૪ની રાતનો છે. બીએસએફની ગુપ્તચર શાખાને સરહદી વિસ્તારમાં એક શંકાસ્પદ પેકેટ અંગે ગુપ્ત માહિતી મળી હતી. જેના આધારે બીએસએફના જવાનોએ શંકાસ્પદ વિસ્તારમાં પહોંચીને મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. લગભગ ૨.૧૩ કલાકે સર્ચ ઓપરેશન દરમિયાન સરહદી વિસ્તાર નજીકથી એક મોટું પેકેટ મળી આવ્યું હતું. પેકેટ પીળી એડહેસિવ ટેપમાં લપેટાયેલું હતું અને તેમાં મેટલ રિંગ અને ૪ લાઈટિંગ સળિયા હતા. જ્યારે બીએસએફ જવાનોએ પેકિંગ ખોલ્યું તો અંદરથી ૪ નાના પેકેટ મળ્યા. આ પેકેટમાંથી ૪ પિસ્તોલ, ૪ ખાલી મેગેઝીન અને ૯ટ૧૯ એમએમ કેલિબરના ૫૦ જીવંત રાઉન્ડ મળી આવ્યા હતા. મુખ્ય પેકેટની અંદર ૪ નાના પેપર પેકેટમાં મેટલ વાયરની ૮ પિન મળી આવી હતી. આ વસૂલાત તરનતારન જિલ્લાના કાલિયા ગામને અડીને આવેલા વિસ્તારમાં થઈ હતી. બીએસએફ ઈન્ટેલિજન્સ ડબ્લ્યુઆઈએનકે દ્વારા વિકસિત અને શેર કરવામાં આવેલી ચોક્કસ માહિતીને પગલે નિર્ધારિત અને સતર્ક બીએસએફ ટુકડીઓ દ્વારા ત્વરિત અમલના પરિણામે ચીની બનાવટના શસ્ત્રો અને પાકિસ્તાન બનાવટના દારૂગોળો મળી આવ્યા હતા.તમને જણાવી દઈએ કે સરહદ પર બીએસએફ દ્વારા જપ્ત કરાયેલા હથિયારોનો ઉપયોગ ભારતીય ધરતી પર આતંક ફેલાવવા માટે થવાનો હતો. પરંતુ બીએસએફએ આતંકીઓની નાપાક યોજનાને નિષ્ફળ બનાવી દીધી છે. તમને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ વિરુદ્ધ ભારતીય સેનાનું ઓપરેશન હજુ પણ ચાલુ છે. ગાઢ જંગલો અને દુર્ગમ વિસ્તારોમાં આતંકવાદીઓ વિરુદ્ધ ચાલી રહેલા આ ઓપરેશનમાં અત્યાર સુધીમાં સેનાના કેપ્ટન સહિત ૪ જવાનો શહીદ થયા છે.

## પાકિસ્તાનમાં એક રોટલી ૨૫ રૂપિયે વેચાઈ રહી છે છતાં ડિફેન્સ બજેટમાં ૧૫ ટકાનો વધારો

ઈસ્લામાબાદ

કંગાળ પાકિસ્તાનની સ્થિતિ દિવસેને દિવસે ખરાબ થતી જઈ રહી છે. મોંઘવારી પહેલાથી આકાશ આંબી રહી છે. દૈનિક ખાવા-પીવાની વસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે.પાકિસ્તાની પ્રજાના ખિસ્સા પર લૂંટ થઈ રહી છે. પાકિસ્તાનનું અર્થતંત્ર ચીનના દેવાના ડુંગરે દબાતું જઈ રહ્યું છે. આઈએમએફ સામે ભીખ માગવી પડી રહી છે. આઈએમએફની શરતો પણ એવી કડક છે કે સરકારે તેને માન્યા સિવાય છૂટકો નથી અને શરતો પૂરી કરવા માટે મુશ્કેલ થઈ રહ્યું છે. પાકિસ્તાનો લોટ ૮૦૦ પાકિસ્તાની રૂપિયા કિલો અને તેલ ૯૦૦ પાકિસ્તાની પ્રતિ લિટર થયું છે. સ્થિતિતો એવી છે કે પાકિસ્તાની જનતા એક રોટલી માટે ૨૫ રૂપિયા ચુકવવા પડી રહ્યા છે.પાકિસ્તાનમાં કોસ્ટ ઑફ લિવિંગ આકાશે આંબ્યું છે. લોકો દૈનિક જરૂરિયાતો પણ મુશ્કેલીથી મેળવી રહ્યા છે. પાકિસ્તાની રૂપિયામાં ભારે ધોવાણ થયું છે. ખાવા-પીવાની સાથે ઘર, આોગ્ય અને સારું શિક્ષણ પણ સામાન્ય જનતાથી બહાર થઈ રહ્યું છે. આ તરફ આઈએમએફની તરફથી સબસિડી સમાપ્ત કરવાનું દબાણ વધતું જઈ રહ્યું છે. આમ છતાં પાકિસ્તાને સંરક્ષણ બજેટમાં ૧૫ ટકાનો વધારો ઝીંકી દીધો છે. પાકિસ્તાન સેનાને નાણા વર્ષ-૨૦૨૪-૨૫ માટે ૨,૧૨૨ અબજ રૂપિયા આપ્યા છે.પાકિસ્તાનના નાણામંત્રી અનુસાર દેશનો જીડીપી ૩.૬ ટકાની ઝડપે આગળ વધે. આ ગત વર્ષના આંકડા ૩.૫ ટકાથી વધુ છે. જો કે નિષ્ણાતોનું માનવું છે કે પાકિસ્તાનની આર્થિક વિકાસ દર ૨.૩૮ ટકાનો આંકડો સ્પર્શી જશે. પાકિસ્તાનનું કુલ બજેટ ૧૮,૮૭૭ અબજ રૂપિયા છે. આમાં ડિફેન્સ સેક્ટરનો હિસ્સો બીજા નંબરે આવે છે.પાકિસ્તાન પોતાના મિત્ર ચીને ફેલાવેલા દેવાના જાળમાં ખરાબ રીતે ફસાઈ ચુક્યો છે. પાકિસ્તાનના બજેટનો સૌથી મોટો ખર્ચ દેવાની ભરપાઈમાં જઈ રહ્યો છે. પાકિસ્તાનને આશરે ૯૭૦૦ અબહજ રૂપિયાની લોન રિપેમેન્ટ પર ખર્ચ કરવા પડે છે. મળતી માહિતી અનુસાર, પાકિસ્તાનમાં મોંઘવારીનો આંકડો ૧૨ ટકાની આસપાસ છે. દેશનું ટેક્સ કલેક્શન ૧૨૯૭૦ અબજ રૂપિયા રહેવાની ધારણ છે. સરકારે સ્થિતિ પર કાબૂ કરવા જાહેર ક્ષેત્રની કંપનીઓનું ખાનગીકરણ કરવાની જાહેરાત કરી છે.

**મે.મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગોધરા(શહેર)ની કોર્ટમાં, મું.ગોધરા**

જન્મ–મરણ અરજી નંબર ૨૦/૨૦૨૪

અરજદાર :: નસીમબાનું ફારૂક હયાત, રહે. ઘંત્યા પ્લોટ, મુસ્લીમ સોસાયટી, ગોધરા, જી.પંચમહાલ.

–: વિરૂદધ :–

સામાવાળા:: જન્મ–મરણ રજીસ્ટ્રાર, ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, ગોધરા.

–:– જાહેર નોટીસ ::–

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયનાં અરજદારશ્રી નસીમબાનું ફારૂક હયાત રહે, ઘંત્યા પ્લોટ, મુસ્લીમ સોસાયટી, ગોધરા જી.પંચમહાલએ તેઓના પોતાના નામે "નસીમબાનુ ફારૂક હયાત"નો જન્મ તા.૦૯/૦૪/૧૯૮૨ના રોજ મોજે. ગોધરા, તા.ગોધરા, જી.પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારએ તેઓના પોતાના નામે "નસીમબાનું ફારૂક હયાત" નો જન્મ તા.૦૯/૦૪/૧૯૮૨ની જન્મની નોંધ સામાવાળા જન્મ–મરણ રજીસ્ટર કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કચેરીમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહુ અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા. ૨૦/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૧૨:૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા–તકરાર રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.આજ તારીખ– ૨૦/૦૬/૨૦૨૪નાંરોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો ફરીને આપ્યો.

(એચ.વી. ભોઈ)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગોધરા (શહેર).

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**ટેન્ડર નોટીસ નં–૧૧ અને ૧૨ સને–૨૦૨૩–૨૪ (ત્રીજો પ્રયત્ન)**
**અને**
**ટેન્ડર નોટીસ નં–૦૧ સને–૨૦૨૪–૨૫ (પ્રથમ પ્રયત્ન)**

**ઈ–ટેન્ડર આઇ.ડી. નં. ૬૦૯૦૯, ૬૦૯૧૪ અને ૭૨૭૮૯**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, ગોધરા, જીલ્લો–પંચમહાલ–૩૮૯૦૦૧, ફોન નં–૦૨૬૭૨–૨૪૧૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઈ–ટેન્ડરો મંગાવવામાં આવે છે. (૧) કામનું નામ– એકશન પ્લાન ૨૦૨૩–૨૪ (મ.અને નિ.) અંતગર્ત (અ) પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાની વણાંકબોરી જુથ પાણી પુરવઠા યોજનાની (સંયુક્ત સિવિલ અને મીકેનીકલ) મરામત અને નિભાવણીની ૦૫ વર્ષ માટેની કામગીરી, અંદાજીત કિમત રૂા.૯૬૮.૩૭ લાખ અને (બ) પંચમહાલ જીલ્લાના શહેરા/ ગોધરા/ લુણાવાડા તાલુકાની પાનમ જુથ પાણી પુરવઠા યોજનાની (સંયુક્ત સિવિલ અને મીકેનીકલ) મરામત અને નિભાવણીની ૦૫ વર્ષ માટેની કામગીરી, અંદાજીત કિમત રૂા.૧૧૬૮.૫૩ લાખ અને (ક) પંચમહાલ જીલ્લાના હાલોલ / ઘોંઘબા / જાંબુઘોડા તાલુકાની પી.એમ.૩ એ/પાવાગઢ જુથ પાણી પુરવઠા યોજનાની (સંયુક્ત સિવિલ અને મીકેનીકલ) મરામત અને નિભાવણીની ૦૫ વર્ષ માટેની કામગીરી, અંદાજીત કિંમત રૂા. ૨૨૫૯.૨૬ લાખ (કુલ ત્રણ કામ) (૨) એજન્સીની પાત્રતા– ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઇ ખાતાના યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત ધરાવતાં ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઇન ભાવો માંગવામાં આવે છે. (૩) ઉકત કામોની બાનાની રકમ / ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઇટ http//gwssb.nprocure.com ઉપર જોઇ શકાશે. ટેન્ડર ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ–૦૨/૦૮/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી તથા ફિઝીકલ દસ્તાવેજો કચેરીમાં આર.પી.એડી./ હાથો હાથ/ કુરીયર થી સબમિશન કરાવવાની છેલ્લી તારીખ–૦૩/૦૮/૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે. સદર ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોકયુમેન્ટ /સુધારા કે કોઈપણ ફેરફાર હવે પછી વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

"ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઇન નંબર–૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે. "

(માહિતી / ગોધરા/ ૧૮૯/૨૪)

# મહિસાગર, ખેડા આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર


# ૪ રાજ્યોના ૪૯ જીલ્લાઓને મર્જ કરીને ભીલ પ્રદેશ બનાવવાની માંગઃ MP-રાજસ્થાન સહિત ચાર રાજ્યોના આદિવાસીઓ બાંસવાડાના માનગઢ પહોંચ્યા કહ્યું- અમે હિન્દુ નથી.



સંતરામપુર, દેશના ૪ રાજ્યોના ૪૯ જીલ્લાઓનું વિલીનીકરણ કરીને ભીલ પ્રદેશ બનાવવાની માગણીએ જોર પકડ્યું છે. આ માંગને લઈને ગુરૂવારે બાંસવાડાના માનગઢ ધામમાં આયોજીત મહારેલીમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર માંથી હજારો આદિવાસી સમાજના લોકો રાજસ્થાનના બાંસવાડામાં માનગઢ ધામ પહોંચ્યા હતા. આ રેલીમાં ઘણા સાંસદો અને ધારાસભ્યોએ પણ ભાગ લીધો હતો. માનગઢ ધામ આદિવાસીઓનું તીર્થસ્થાન છે. રાજસ્થાન સરકારે ભીલ પ્રદેશની માંગને પહેલા જ ફગાવી દીધી છે.બાંસવાડાથી ભારત આદિવાસી પાર્ટી (BAP) સાંસદ રાજકુમાર રાઉતે કહ્યું. ભીલ રાજ્યની માંગ નવી નથી. ઈઅડ આ માંગને જોરદાર રીતે ઉઠાવી રહ્યું છે. મેગા રેલી બાદ એક પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને આ પ્રસ્તાવ સાથે મળશે.

માનગઢ (બાંસવાડા)માં ચાર રાજ્યોના આદિવાસી લોકો એકઠા થયા છે. મેનકા ડામોરે કહ્યું- અમે હિન્દુ નથી

ભીલ સમાજના સૌથી મોટા સંગઠન આદિવાસી પરિવાર સહિત ૩૫ સંસ્થાઓ દ્વારા આ મેગા રેલી બોલાવવામાં આવી હતી. આદિવાસી પરિવાર સંસ્થાના સ્થાપક સભ્ય મેનકા ડામોરે મંચ પરથી કહ્યું આદિવાસી મહિલાઓએ પંડિતોની સલાહ ન માનવી જોઈએ. આદિવાસી પરિવારોમાં તેઓ સિંદૂર લગાવતા નથી કે મંગળસૂત્ર પહેરતા નથી. આદિવાસી સમાજની મહિલાઓ અને છોકરીઓએ શિક્ષણ પર દયાન આપવું જોઈએ. હવેથી બધા ઉપવાસ બંધ કરો. અમે હિંદુ નથી.



આદિવાસી પરિવારનું સંગઠન ચારેય રાજ્યોમાં ફેલાયેલું છે.માનગઢના સ્મારક પર હજારોની સંખ્યામાં લોકો પહોંચ્યા હતા.'કોઈ માતાનો પુત્ર અમને રોકી શકશે નહીં' આદિવાસી પરિવારના સ્થાપક ભંવરલાલ પરમારે જણાવ્યું હતું કે, આ જ માનગઢમાં આપણા પૂર્વજોએ ૧૦૦-૨૫૦ વર્ષ પહેલાં આંદોલન શરૂ કર્યું હતું, જ્યારે ૧૫૦૦ લોકો માર્યા ગયા હતા. તેનો શું વાંક હતો? હવે અમે ફરી આંદોલન શરૂ કર્યું છે. કોઈ માતાનો દીકરો આપણને રોકી શકશે નહીં. ભીલ પ્રદેશની માંગ ચોક્કસ સમયસર પૂરી થશે. તેની એક પ્રક્રિયા છે. આ આંદોલન આદિવાસી સમાજને જોડવાનું છે. ભીલ પ્રદેશ એ આપણા પૂર્વજોની અધૂરી ઈચ્છા છે. આદિવાસીઓ સાથેનું દુર્વ્યવહાર બંધ થવો જોઈએ.

## સુરક્ષા એજન્સીઓ એલર્ટ, વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ.

બાંસવાડાના માનગઢ ધામમાં આયોજીત સભા માટે રાજ્ય ઉપરાંત મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી પણ આદિવાસી સમુદાયના લોકો એકઠા થયા છે. આ બેઠકને લઈને રાજ્યની સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડ પર છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહારેલી વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે.ચાર રાજ્યો માંથી આદિવાસી સમાજના લોકો સવારથી જ માનગઢ ધામ ખાતે પહોંચવા લાગ્યા હતા. માનગઢ ધામથી ૫ કિમી પહેલા આદિવાસીઓના વાહનોને રોકવામાં આવ્યા હતા.ભીલ પ્રદેશની માંગમાં રાજસ્થાનના ૧૨ જીલ્લા અને મધ્યપ્રદેશના ૧૩ જીલ્લાઓનો સમાવેશ થાય છે. રાજસ્થાનના જૂના ૩૩ જીલ્લાઓમાંથી ૧૨ જીલ્લાનો સમાવેશ કરવાની માંગ છે.મંત્રીએ કહ્યું- જાતિના આધારે રાજ્યની રચના ન થઈ શકે રાજસ્થાનમાં ઈઅડને રાજકીય તાકાત મળતાં જ તેણે અન્ય જીલ્લાઓ અને રાજ્યોના આદિવાસીઓને સામેલ કરીને તેના અલગ રાજ્ય અને સંગઠનને મજબૂત બનાવવાની ઝુંબેશને વધુ તીવ્ર બનાવી. રાજસ્થાનના આદિવાસી જીલ્લા બાંસવાડામાંથી ઈઅડ પાસે ૨ ધારાસભ્યો અને એક સાંસદ છે. પરંતુ ભીલ રાજ્યની માંગ અંગે સરકારે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કર્યો છે.આદિજાતિ મંત્રી બાબુલાલ ખરાડીએ કહ્યું- જાતિના આધારે રાજ્યની રચના ન થઈ શકે. જો આમ થશે તો અન્ય લોકો પણ માંગણી કરશે. અમે દરખાસ્ત કેન્દ્રને મોકલીશું નહીં. ખરાડીએ એમ પણ કહ્યું કે, જેમણે ધર્મ બદલ્યો છે તેમને આદિવાસી અનામતનો લાભ મળવો જોઈએ નહીં. ખરાડીએ ડુંગરપુરની મુલાકાત દરમિયાન આ નિવેદન આપ્યું હતું.મંત્રીએ કહ્યું- જાતિના આધારે રાજ્યની રચના ન થઈ શકેરાજસ્થાનમાં BAPને રાજકીય તાકાત મળતાં જ તેણે અન્ય જીલ્લાઓ અને રાજ્યોના આદિવાસીઓને સામેલ કરીને તેના અલગ રાજ્ય અને સંગઠનને મજબૂત બનાવવાની ઝુંબેશને વધુ તીવ્ર બનાવી. રાજસ્થાનના આદિવાસી જીલ્લા બાંસવાડામાંથી ઈઅડ પાસે ૨ ધારાસભ્યો અને એક સાંસદ છે. પરંતુ ભીલ રાજ્યની માંગ અંગે સરકારે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કર્યો છે. આદિજાતિ મંત્રી બાબુલાલ ખરાડીએ કહ્યું- જાતિના આધારે રાજ્યની રચના ન થઈ શકે. જો આમ થશે તો અન્ય લોકો પણ માંગણી કરશે. અમે દરખાસ્ત કેન્દ્રને મોકલીશું નહીં. ખરાડીએ એમ પણ કહ્યું કે, જેમણે ધર્મ બદલ્યો છે તેમને આદિવાસી અનામતનો લાભ મળવો જોઈએ નહીં. ખરાડીએ ડુંગરપુરની મુલાકાત દરમિયાન આ નિવેદન આપ્યું હતું.

# નડિયાદથી સાળંગપુર જતી આ એસ.ટી. બસ દરેક પ્રવાસીને આપે છે : એક વિશિષ્ટ યાત્રાનો અનુભવ



- કંડક્ટર દ્વારા મુસાફરોને ઠંડુ પાણી, લીંબુ શરબત અને બાળકોને ચોકલેટ સેવા દ્વારા યાત્રાનો સુખદ અનુભવ કરાવે છે.
- યાત્રાની શરૂઆત રાષ્ટ્રગીતથી કરાવી મુસાફરોને સરકારની કલ્યાણકારી યોજનાઓની જાણકારી પણ આપવામાં આવે છે.
- માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત પાક્ષિક સહિત અન્ય સાહિત્ય વિતરણ કરી ધાર્મિક સહિત મહિતિસભર યાત્રાનો અનુભવ કરાવવામાં આવે છે.
- ભજન, કીર્તન અને આરતી દ્વારા સમગ્ર મુસાફરી દરમિયાન ભક્તિમય વાતાવરણ ઉભુ કરવામાં આવે છે.

નડિયાદ, કષ્ટભંજન દેવ હનુમાનજીના દર્શનાર્થે ખેડા - નડિયાદ એસ.ટી, પરિવહન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૮થી ચાલુ કરેલ નડિયાદથી સાળંગપુર (યાત્રાધામ સ્પેશલ) જતી બસ સેવા મુસાફરોને એક વિશિષ્ટ યાત્રાનો અનુભવ કરાવે છે. તા. ૦૭-૦૨-૨૦૧૮ના રોજ ચાલુ કરવામાં આવેલ આ બસ દરરોજ સવારે ૦૭:૦૦ કલાકે નડિયાદ બસ ડેપોના પ્લેટફોર્મ ન. ૪થી રવાના થાય છે. સાળંગપુર ધામ પહોંચતા સુધીની મુસાફરી પર જતા દરેક વ્યકિતને આ બસમાં ધાર્મિક, સાહિત્યિક તથા માનવીય અભિગમનો એક ઉમદા અનુભવ થાય છે. આ બસ ખેડા, રઢૂ, ધોળકા, અરણેજ બુટ ભવાનીમાં મંદિર, ગણેશપુરા-ગણપતિ મંદિર ધંધુકા, બરવાળા, કુંડળ રૂટ પર થઈ સાળંગપુર મંદિર પહોંચે છે. જેમાં અરણેજ મંદિર બૂટભવાની મંદિરના દર્શન કરવા માટે બસને ૧૫ થી ૨૦ મીનીટ્સ ઉભી રાખવામાં આવે છે. પછી ત્યાંથી રવાના થઈ બસ બપોરે ૧૧:૧૫ થી ૧૧:૩૦ કલાક વચ્ચે સાળંગપુર ધામ ખાતે પહોંચે છે.

આ સમગ્ર યાત્રાને ખાસ બનાવે છે આ બસના કંડકટર સંદીપ બારોટ. પ્રતિદિન આ બસને નડિયાદથી શરૂ કરતા પહેલા બારોટ દ્વારા ભગવાનનો જયકારો કરી બસમાં પ્રવેશ કરવામાં આવે છે, ત્યારબાદ બસની શરૂઆતમાં રાષ્ટ્રગીત જન ગણ મન... વગાડી નાગરિક તરીકે રાષ્ટ્ર જ પ્રથમ ધર્મ તેવી ભાવનાને ઉજાગર કરવામાં આવે છે. સાથે ચાલુ મુસાફરી દરમિયાન બસમાં ગણેશજીની આરતી, બુટભવાનીમાંની આરતી, સ્વામિનારાયણ ભગવાનની આરતી, કષ્ટભંજન હનુમાનની આરતી કરવામાં આવે છે. આરતી પૂર્ણ કર્યાબાદ સૌ મુસાફરોને પ્રસાદ વિતરણ પણ કરવામાં આવે છે. આમ, ભજન, કીર્તન અને આરતી દ્વારા સમગ્ર મુસાફરી દરમિયાન ભક્તિમય વાતાવરણ ઉભુ કરવામાં આવે છે. વધુમાં, મુસાફરોના નાના બાળકો હોય તો તેમને ચોકલેટ આપી યાત્રાનો સુખદ અનુભવ કરાવવામાં આવે છે. બસમાં પીવાના પાણીના જગ અને ગ્લાસની ખાસ સુવિધા કરવામાં આવેલ છે. આ યાત્રાધામ સ્પેશિયલ બસના મુસાફરોની ધાર્મિક યાત્રા માહિતીસભર પણ બની રહે છે. કંડક્ટર બારોટ જણાવે છે કે યાત્રા દરમિયાન પેસેન્જરો માટે મેગાફોન દ્વારા એનાઉન્સમેન્ટ કરી મુસાફરોને ગુજરાત સકરારના માહિતી ખાતા દ્વારા પ્રકાશિક કરવામાં આવતા ગુજરાત પાક્ષિકથી માહિતગાર કરવામાં આવે છે. ઉપરાંત મુસાફરોને સરકારની કલ્યાણકારી યોજનાઓની જાણકારી મળે તે માટે ગુજરાત પાક્ષિક વાંચવા માટે આપવામાં આવે છે. જેના દ્વારા મુસાફરોની આ બસની યાત્રા ભક્તિમય હોવાની સાથેસાથે જ્ઞાનમય પણ બની જાય છે. ઉપરાંત મુસાફરી દરમિયાન પેસેન્જરને થતી નાની મોટી તકલીફો માટે મેડિકલ કીટની વ્યવસ્થા પણ આપવામાં આવે છે તેમ સંદિપભાઈ રાજપૂતે જણાવ્યું હતું.નિયમિત રીતે બસની મુસાફરી કરી સાળંગપુર મંદીરના દર્શનનો લાભ લેતા પેસેન્જર નિકુંજ પ્રજાપતિ જણાવે છે કે આ બસ ધર્મસ્થાનો પર લઈ જતા પહેલા બસમાં જ ધાર્મિક વાતાવરણની અનુભૂતિ કરાવે છે. બસમાં ભજન, કીર્તન, આરતી દ્વારા એક સાર્થક ધાર્મિક યાત્રાનો અનુભવ થાય છે. તેઓ જણાવે છે કે બસમાં ઠંડા પાણી, છાશ, શરબત, અલ્પાહાર વગેરે જેવી સુવિધાઓ સહિત સરકારની વિવિધ યોજનાઓ વિશેના વાંચન સાથે અમારી મુસાફરીનો અનુભવ આનંદમય બન્યો છે.બસના કંડકટર સંદિપભાઈ દ્વારા સ્વચ્છતા જાળવણી હેતુ માટે પ્રતિદિન બસ સાફ સફાઈ કરવામાં આવે છે. સાળંગપુર ધામ ખાતે કષ્ટભંજન મંદિર દર્શન અર્થે રોકાણ કર્યા બાદ આ બસ બપોરે ૦૧:૦૦ કલાકે બસ નડિયાદ પરત આવવા નિકળે છે. સાળંગપુરથી નડિયાદ પરત આવતા ગણેશપુરાધામ, ગણપતિદાદા મંદિરના દર્શન માટે બસ ૧૫ થી ૨૦ મિનિટ રોકાય છે. ત્યારબાદ સાંજે ૦૫:૧૫ થી ૦૫:૩૦ સુધીમાં બસ નડિયાદ મુકામે પરત ફરે છે. હાલના સમયમાં આ બસનું ભાડુ મદ્યમ વર્ગને પોષાય એમ આવવા જવાનુ કુલ રૂ.૨૩૬ ભાડુ થાય છે. ૨૦૧૮થી આજ દિન સુધી પ્રતિદિન આ બસમાં આસ્થાળુઓની ભીડ ઉમળકા સાથે જોવા મળી છે, જેની પાછળ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈના લોકાભિમુખ અભિગમથી પ્રેરિત નડિયાદનો એસ.ટી. વિભાગ તથા બસના ડ્રાઈવર તથા કંડકટરની કર્મશીલતાનો મોટો ફાળો છે.

# બાલાસિનોરમાં વિકાસપથની સ્ટ્રીટ લાઈટોના ખુલ્લા વાયરથી વીજ કરંટ લાગવાનું જોખમ



બાલાસિનોર, બાલાસિનોર ખાતે નગરપાલિકાના વિકાસપથ પર સ્ટ્રીટ લાઈટોના થાંભલા ઉભા કરવામાં આવ્યા છે. પરંતુ આ થાંભલાઓના વાયરો ખુલ્લા હોય ચોમાસામાં વીજ કરંટ લાગવાનો ભય રહેલો છે. રાજપુરી દરવાજાથી બસ સ્ટેશન સુધીના માર્ગ ઉપર અનેક જગ્યાએ થાંભલાનાં ખુલ્લાં વાયર મોત બનીને ઉભાં છે. વીજ કરંટથી કોઈ અઘટિત ઘટના બને તે પહેલાં નગરપાલિકા તાબડતોબ સમારકામ કરાવે તે જરૂરી બન્યુ છે.

બાલાસિનોરમાં બજારમાં વિકાસપથ પર નાખવામાં આવેલા સ્ટ્રી લાઈટના થાંભલાનાં વાયર ગમે ત્યારે જીવલેણ બની શકે છે. કારણે કે વીજ થાંભલાનાં વાયર ખુલ્લા જોવા મળી રહ્યા છે. ચોમાસાના સમયગાળામાં વીજ કરંટ લાગવાની શક્યતાઓ વધી જતી હોય છે. આવા સમયે ખુલ્લા વાયર કોઈકનો જીવ લેશે તો જવાબદાર કોણ ? બાલાસિનોરના રાજપુરી દરવાજાથી બસ સ્ટેશન સુધી આ જ રીતે થાંભલા પર જોખમી વાયર લટકી રહ્યાં છે. પશુઓ પણ ચોમાસામાં ચોંટી જાય તો મુશ્કેલી ઉભી થાય તેમ છે. થાંભલાઓ ઉપર લટકતાં જોખમી વીજ વાયર કોઈકનો ભોગ લે તે પહેલાં ઝડપથી સમારકામ કરી દેવામાં આવે તેવી લોક માંગ થઈ રહી છે.

# ખેડા જીલ્લામાં તા.૨૪ જુલાઈ બુધવારના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

નડિયાદ, ખેડા જીલ્લામાં તા.૨૪ જુલાઈ બુધવારના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. જેમાં જીલ્લા કલેકટર ખેડાના અદયક્ષસ્થાને ઠાસરા તાલુકા સેવા સદન ખાતે, જીલ્લા વિકાસ અધિકારીના અદયક્ષસ્થાને ગળતેશ્વર, જીલ્લા પોલીસ અધિક્ષકના અદયક્ષસ્થાને કપડવંજ, નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટીના અદયક્ષસ્થાને નડિયાદ, નાયબ વન સંરક્ષક ખેડા નડિયાદના અદયક્ષસ્થાને કઠલાલ, નાયબ કલેકટર જ.સુ અને અપીલની અદયક્ષસ્થાને મહુધા, પ્રાંત અધિકારી ખેડાના અદયક્ષસ્થાને ખેડા, જીલ્લા પુરવઠા અધિકારીના અદયક્ષસ્થાને મહેમદાવાદ, જીલ્લા આયોજન અધિકારીના અદયક્ષસ્થાને માતર અને નાયબ જીલ્લા ચૂંટણી અધિકારીની અદયક્ષતામાં વસો તાલુકા સેવા સદન ખાતે ૨૪ જુલાઈના રોજ ૧૧ કલાકે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે.

તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અગાઉ સંબધિત કચેરીએ પોતાની રજૂઆત/ફરિયાદ કરી હોય અને નિરાકરણ આવેલ ન હોય તેવા પ્રશ્નો રજૂ કરવા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં ન્યાયીક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે. (મનાઈ હુકમ), અપીલો, માહિતી અધિકાર અધિનિયમ, આકારણીને લગતા પ્રશ્નો તેમજ નોકરી, પેન્શન, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહીં. જેની નોંધ લેવા અધિક નિવાસી કલેકટર, ખેડા-નડિયાદ દ્વારા જણાવાયુ છે.

# ખેડા જીલ્લા કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા જીલ્લાનાં ૯૫ વેપારી એકમો સામે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ- ૨૦૦૯ના ભંગ બદલ કાયદેસની કાર્યવાહી કરવામાં આવી

નડિયાદ, ખેડા જીલ્લાના ગ્રાહકો વેપારી એકમો દ્વારા ગેરરીતી માલુમ થવાના સંજોગોમાં ફ ભ હ ળ - ક્ષમમલીષફફિ.લિંજ્ઞદ.શક્ષ પર અથવા રૂબરૂ મદદનીશ નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન તંત્ર, કચેરી નડિયાદ ખાતે સંપર્ક કરી શકાશે

મદદનીશ નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન તંત્ર, ખેડા જીલ્લો-નડીયાદ દ્વારા વર્ષ-૨૦૨૪-૨૫ માહે એપ્રિલ-મે-જૂન-૨૦૨૪ દરમિયાન રૂ.૧૧,૭૦,૬૩૨ વજન-માપ સાધનોની ચકાસણી-મુદ્રાંકન ફી પેટે વસૂલાત કરેલ છે. તથા આ ત્રણ માસ દરમિયાન ખેડા જીલ્લાના ૧૦૫૦ વેપારી એકમોની ઓચિંતી મુલાકાત લઈ ૯૫ વેપારીઓ સામે ધી લિગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ના ભંગ સબબ કાયદેસરની કાર્યવાહી કરી રૂ.૧,૭૯,૪૫૦/- ગૂન્હો માંડવાળ ફી પેટે વસૂલાત કરેલ છે.

જેમાં વજનમાં ઓછુ આપવું, વજનમાપ સાધનો ચકાસણી-મુદ્રાંકન નહી કરાવવા, પેકીંગ ઉપર નિર્દેશનો નહી દર્શાવવા, પેકીંગ ઉપર છાપેલ કિંમત કરતા વધુ ભાવ લેવા, પેકીંગ ઉપર છાપેલ કિંમતમાં ચેક-ચાક કરવી તથા પેકીંગ આઈટમો માટે જરૂરી નોંધણી નહી કરાવવી, પેકીંગમાં સામાન વેચતા વેપારીઓ દ્વારા વજન-કાંટો નહી રાખવો તથા ઈલેક્ટ્રોનિક વજન-કાંટો રાખતા વેપારીઓ દ્વારા ગ્રાહકોને ટેસ્ટીંગ માટે જરૂરી ટેસ્ટીંગ વજન નહી રાખવા સબબના ગૂન્હા સામેલ છે.

વધુમાં ખેડા જીલ્લાના ગ્રાહકોને ઉક્ત પ્રકારની ગેરરિતી માલુમ પડે તો ઈ-મેઈલ આઈ.ડી. aclm-nddgujarat. gov.in ઉપર અથવા સી-૧૬, ભોંયતળીયે, સરદાર પટેલ ભવન, મીલ રોડ, નડીયાદ ખાતે મદદનીશ નિયંત્રણ કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

## આપની આજ.......

મેષઃ આજે આવકના નવા સ્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. કેટલાક લોકોને આંખની સમસ્યા નડી શકે છે અથવા અનિદ્રાની સમસ્યા હોઈ શકે છે.

વૃષભઃ આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે. નવી ડીલથી સ્ટેટસ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

મિથુનઃ આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે. બપોરે કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

કર્કઃ આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.

સિંહઃ આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે. સાંજે કામ અટકી પડવાની સંભાવના છે.

કન્યાઃ આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે.

તુલાઃ આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. બાળકની કોઈપણ સ્પર્ધામાં અણધારી સફળતા વિશે જાણવા મળશે. સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

વૃશ્ચિકઃ આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે. કેટલાક પ્રતિકૂળ સમાચારને લીધે તમારે અચાનક બહાર જવું પડી શકે છે.

ધનઃ આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો સફળ થશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મકરઃ આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધી સાથે વ્યવહાર ના કરો કારણકે સંબંધ ખરાબ થવાની સંભાવના છે.

કુંભઃ આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. જો તમે શરીરને થોડો આરામ આપો તો તે વધુ સારું રહેશે.આજે કાર્યક્ષેત્રમાં મૂંઝવણ રહેશે.

મીનઃ આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે. સાસરાવાળા તરફના સહયોગથી વધુ ફાયદો થઈ શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા ફીવર સર્વે હાથ ધરાયો

**તકેદારી.**

ચાંદીપુરમ વાયરસમાં એન્સેફિલાઈટીસ નામનો તાવ આવે છે, માટે જ્યારે બાળકોને પ્રારંભિક તબક્કામાં તાવના લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાવવી જોઈએ અને જરૂરી રીપોર્ટ કરાવવા જોઈએ. આ વાયરસનાં ફેલાવો મચ્છર તેમજ સેન્ડફ્લાય એટલે કે માટીના વિસ્તારમાં રહેતી માખીથી થતો હોય છે. માટે માખીનો નાશ કરવો જરૂરી છે.

**વાયરસનો ઈતિહાસ : વર્ષ ૧૯૬૬ માં આ વાયરસનો પ્રથમ**

કેસ મહારાષ્ટ્રના નાગપુર નજીકના ચાંદીપુર વિસ્તારમાં દેખાયો હતો. જેથી કરીને તેનું નામ ચાંદીપુરમ રાખવામાં આવ્યું છે. મુખ્યત્વે આ વાયરસના કેસો આદિવાસી વિસ્તારમાં જોવા મળે છે. વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૬ અને ૨૦૧૯ માં કેસ જોવા મળ્યા હતા. ચાંદીપુરમ વાયરસ આર.એન.એ. વાયરસ છે. જે મોટેભાગે માદા ફ્લેબોટોમાઈન ફ્લાય દ્વારા ફેલાતો હોય છે. આ વાયરસનાં ભોગ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો બને છે અને તેનો મૃત્યુદર સૌથી વધુ છે.

**બહાર આંગણામાં (ધુળમાં) રમવા દેવા નહીં.**

વધુમાં જીલ્લા વિકાસ અધિકારી  ઉત્સવ ગૌતમએ દાહોદ જીલ્લાની તમામ સ્કૂલો અને આંગણવાડી ખાતે આઇ.ઇ.સી. કરવી અને બાળકોને માહિતગાર કરવા શાળા અને આંગણવાડીમાં IECમાં જણાવ્યા મુજબ ચાંદીપુરમ વાયરસના લક્ષણો જણાય તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરીને સારવાર લેવા જણાવ્યું છે.જે અંતર્ગત આરોગ્ય ટીમ દ્વારા જીલ્લાની તમામ આંગણવાડીઓ તેમજ શાળાઓ ખાતે વિદ્યાર્થીઓને ચાંદીપુરમ વિશે વિસ્તાર પૂર્વક જાણકારી આપવામાં આવી રહી છે.

**ચાંદીપુરમ રોગોથી બચવાના ઉપાયો.**

“ ઘરની દિવાલોમાં અંદરના તેમજ બહારના ભાગમાં રહેલ છિદ્રો તેમજ તિરાડોને પુરાવી દેવી જોઈએ. ઘરની અંદરના ભાગે શક્ય હોય ત્યાં સુધી હવા ઉજાસ (સૂર્ય પ્રકાશ આવે) રહે તેવી વ્યવસ્થા કરવી. ૦ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવડાવવાનો આગ્રહ રાખો. બાળકોને શક્ય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની

**ચાંદીપુરમ તાવના લક્ષણો .**

“ બાળકને સખત તાવ આવવો,  ઝાડા થવા – ઉલ્ટી થવી, ખેંચ આવવી, અર્ધભાન કે બેભાન થવું.

દાહોદ, ચાંદીપુરમ વાયરસે ગુજરાતમાં એન્ટ્રી મારતા તમામ જીલ્લાઓમાં આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું છે. નવા વાયરસને લઈને દાહોદ જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પણ સર્વેલન્સ હાથ ધરાયું છે. જીલ્લામાં હાલમાં કોઈ ચિંતાજનક સ્થિતિ નથી અને કેસ પણ જોવા મળ્યો નથી. ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર સહિતના જીલ્લાઓમાં ચાંદીપુરમ વાયરસના કેસ મળ્યા છે. ત્યારે દાહોદમાં આરોગ્ય તંત્રની ટીમો દ્વારા સર્વેલન્સ વધારવામા આવ્યું છે. આ વાયરસ મુખ્યત્વે ૦ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને શિકાર બનાવે છે, જેથી વાલીઓ સાવધાની રાખે તે જરૂરી છે. વાયરસને લઈને જીલ્લા અત્યારે ખુબ જ તંત્ર સતર્ક બન્યું છે.

સેન્ડફલાય એક એવુ જીવજંતુ છે, જે ઘરની અંદરની બાજુએ કાચી કે પાકી દિવાલ પર ભેજવાળા વાતાવરણમાં રહે છે. સેન્ડફ્લાય તેની ઉત્પત્તિ માટે ઈંડા મૂકે છે, તેમાંથી મચ્છરની જેમ ઈયળ, કોશેટો અને તેમાંથી પુખ્ત માખી બને છે. આ સેન્ડ ફલાય નરી આંખે જોઈ શકાય તેવી સામાન્ય માખી કરતા ચાર ગણી નાની હોય છે. સેન્ડ ફલાય ઘરની અંદરની બાજુએ તેમજ બહારની પાકી કે કાચી દિવાલ પરની તીરાડો તેમજ ભેજવાળા વાતાવરણમાં ઈંડા મુકે છે. ગ્રામ્ય વિસ્તારોના ઘરોમાં ખાસ કરીને ગાર–લીપણવાળા ઘરોમાં દિવાલની તિરાડો તેમજ દિવાલમાં રહેલા નાના છિદ્રોમાં તે રહે છે.

# સંજેલીના હિરોલા પ્રા.શાળા થી પાંડી ફળીયા સુધી નાળાની કામગીરી અધુરી છોડતા જીવતા જોખમે બાળકો પસાર થવા મજબુર

દાહોદ, દાહોદ જીલ્લાના સંજેલીના હિરોલા પ્રાથમિક શાળા થી પાંડી ફળિયાના માર્ગમાં નાડાની કામગીરી અધૂરી ડામર કે આરસીસી કર્યા વિના જ છોડી દેવાતા નાળું ધોવાયું. ૭૦ જેટલા બાળકોને જીવના જોખમે આનાળા પરથી પસાર થવા મજબૂર બન્યા લે ભાગુ કોન્ટ્રાક્ટર સામે પગલાં લે તાત્કાલિક કામ પૂર્ણ કરવામાં આવે તેવી ગ્રામજનોની પ્રબળ માં ગોઠવા પામી છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૨૦૨૨માં ૧.૬૨ લાખના ખર્ચે સાડા ત્રણ મીટર જેટલો ડીપ સાથેનો રસ્તો મંજુર કરાયો જે ૨૦૨૩ સુધીમાં રસ્તાની કામગીરી પૂર્ણ કરવા ટેન્ડર અપાયું હતું. એક વર્ષ વિત્યો હજી કામગીરી અધુરી હોવાને લઈ ગ્રામજનોમાં રોષ.પ્રથમ વરસાદમાં હિરોલા પાંડી ફળિયામાં માર્ગ નું નાળું ધોવાતા તંત્રની પોળ ખુલ્લી પડી સંજેલી તાલુકાના હિરોલા મુખ્ય પ્રાથમિક શાળા સુધીના મુખ્યમંત્રી સડક યોજના માર્ગમાં એક વર્ષથી કોન્ટાકર દ્વારા નાણાની અધૂરી કામગીરી છોડી દેવાતા બાળકોને અભ્યાસ મેળવવા જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા.

સંજેલી તાલુકાના હિરોલા મુખ્ય પ્રાથમિક શાળા થી પાંડી ફળીયા સુધી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૨૦૨૨માં ૧.૬૨ લાખના ખર્ચે સાડા ત્રણ મીટર ડીપ સાથે સાથેનો રસ્તો મંજૂર કરી ૨૭ જુલાઈ ૨૦૨૩ સુધી કામ પૂર્ણ કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું, પણ એક વીતી ગયો છતાં હજી પાંડી ફળિયામાં ડીપ બનાવી અને નાળું નાખી તેના પર માટીકર્યા વિના છોડી દેવાતા વરસાદના પ્રથમ વરસાદ જ નાળું ધોવાઈ જતા અભ્યાસ મેળવવા બાળકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ૭૦ જેટલા બાળકો જીવના જોખમે કોતર પર થઈ અભ્યાસ માટે પસાર થવા મજબૂર બન્યા છે. આજુબાજુ ડુંગર અને વિસ્તાર આવેલ છે. વરસાદ વધુ પડવાથી ડુંગર તેમજ કોતરો માંથી નીકળતા પાણીનો પ્રવાહ વધુ હોવાના કારણે નાળુ ધોવાતા બાળકો સહિત વાહન ચાલકોને ભારે હાલાકી નો સામનો બેઠવાનો વારો આવ્યો. આ નાળા પર કોઈ બાળક ઘરકાવ થાય કે કોઈ મોટી હોનારત થાય તેની તંત્ર રાહ જોઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. કામ પૂર્ણ કરવાની મુદત પૂર્ણ થઈ એક વર્ષ જેટલો ટાઈમ વીત્યા છતાં પણ કામગીરી અધુરી છોડી દેતા બાળકોને ભારે હાલાકી નો સામનો વેઠવાનો વારો આવ્યો છે. આ લે ભાગુ કોન્ટ્રાક્ટર સામે યોગ્ય પગલા લઈ કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

# દે. બારીયા તાલુકા મથકે આવેલ નાયબ વન સંરક્ષકની કચેરીમાં વધુ એક કર્મીએ એસીડ ગટગટાવી આત્મા હત્યા કરી લેતાં ચકચાર



દાહોદ, દેવગઢ બારીયા તાલુકા મથકે આવેલ નાયબ વન સંરક્ષક બારીયા ની કચેરીના ડી સી એફ ની આત્મા હત્યાના એક સપ્તાહમાં બીજા એક કર્મી એ આત્મહત્યા કરી લેતા ચકચાર

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીયા તાલુકા મથકે આવેલા નાયક વન સંરક્ષક બારીઆની કચેરીના DCF તરીકે ફરજ બજાવતા આર.એમ.પરમારે કોઈક અગમ્યો કારણોસર ગત ૧૨ જુલાઈ નારોજ દાહોદ આવેલા પોતાના મકાનમાં વહેલી સવારે પોતાની સર્વિસ રિવોલ્વર થી માથામાં ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. જેને લઈ જીલ્લા સહિત વન વિભાગના અધિકારીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે હજી આ બનાવને એક સપ્તાહનો સમય થયો નથી. ત્યાં આજે ઓફિસમાં કાયમી રોજમદાર તરીકે ઓફિસમાં ફરજ બજાવતા મહેશ ભીમાભાઈ બારીયા રહે. માતરીયા વેજમાં જે ગત તારીખ ૧૬ જુલાઈ નારોજ ઘરેથી ઓફિસમાં જવું છું, તેમ કહીને નીકળ્યા હતા અને સંતરોડ આવી કોઈ અગમ્ય કારણોસર જીવન ટૂંકાવવા માટે એસિડ ગટગટાવી જઈ તેમના પુત્ર રાકેશને આ બનાવ અંગે પોતે જ ટેલીફોન થી જાણ કરતાં તેના પરિવારજનો સંતરોડ ખાતે દોડી આવી સારવાર હેઠળ ગોધરા ખસેડયા હતા. જ્યાં તેમની તબિયત નાજુક જણાતા વધુ સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. જ્યાં આજરોજ વહેલી સવારે સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. ત્યારે એક જ સપ્તાહના ટૂંકા ગાળામાં કચેરીના વડા તેમજ કચેરીના કાયમી રોજમદારની આત્મહત્યાથી વન વિભાગના કર્મીઓમાં ચકચાર મચી જવા પામ્યો છે. ત્યારે હવે આ બંને કર્મીઓના મોતને લઈ પોલીસ કઈ દિશામાં તપાસ હાથ ધરશે તે જોવાનું રહ્યું.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.279

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જિલ્લાના બે અલગ અલગ વિસ્તારોમાંથી ચાંદીપુરમ વાયરસનાં કેસો મળી આવતાં જિલ્લાનું આરોગ્ય વિભાગ એલર્ટ થયું.



પંચમહાલ

પંચમહાલ જિલ્લાના બે અલગ અલગ વિસ્તારોમાંથી ચાંદીપુરમ વાયરસનાં કેસો મળી આવતાં જિલ્લાનું આરોગ્ય વિભાગ એલર્ટ થયું છે, જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ચાંદીપુરમ કેસો મળી આવેલા ગોધરાના કોટડા ગામે અને ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામે સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી હતી, વધુમાં કોટડા ગામેથી ચાંદીપુરમ વાયરસનું સંક્રમણ ફેલાવતી સેન્ડ ફલાય નામની ૧૯ શંકાસ્પદ માખીઓ મળી આવતા પરીક્ષણ અર્થે મોકલવામાં આવી હતી.

રાજયના અલગ-અલગ જિલ્લાઓમાં હાલમાં નાના બાળકોમાં ચાંદીપુરમ નામનો જીવલેણ વાયરસ જોવા મળી રહ્યો છે, પંચમહાલ જિલ્લામાંથી પણ એક બાદ એક બે અલગ-અલગ બાળકોમાં શંકાસ્પદ ચાંદીપુરમ વાયરસ જોવા મળ્યો હતો, હાલમાં બંને બાળકીઓનું સારવાર બાદ મૃત્યુ નિપજ્યું છે, ગોધરા તાલુકાના કોટડા ગામની ચાર વર્ષીય બાળકીમાં ચાંદીપુરમ વાયરસનાં લક્ષણો જોવા મળ્યા હતા, જે બાળકીનું સારવાર બાદ વડોદરાની હોસ્પિટલમાં મૃત્યુ નિપજ્યું છે, જ્યારે અન્ય કેસ ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામેથી મળી આવ્યો હતો, જે નવ વર્ષીય બાળકીનું વડોદરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર બાદ મૃત્યુ નિપજ્યું હતું, હાલ તો પંચમહાલ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અલગ-અલગ ટીમો બનાવીને સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી છે, બંને જગ્યાઓ પર દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો, સાથે જ જિલ્લા વિકાસ અધિકારી સહિત જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કોટડા ગામની મુલાકાત લેવામાં આવી હતી,જેઓએ આરોગ્ય વિભાગની સર્વેલન્સની કામગીરી ની સમીક્ષા હાથ ધરી હતી, બીજી તરફ ગોધરા તાલુકાના કોટડા ગામેથી ચાંદીપુરમ વાયરસનું સંક્રમણ ફેલાવતી સેન્ડ ફ્લાય નામની ૧૯ માખીઓ મળી આવતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે, ૧૯ પૈકીની ચાર માખીઓ મૃતક બાળકીના ઘરેથી મળી આવતા પરીક્ષણ અર્થે પૂને ખાતેની લેબમાં મોકલવામાં આવ્યા છે. તો બીજી તરફ આજે પણ આરોગ્ય વિભાગ ની અલગ અલગ ટીમો દ્વારા મળી આવેલા કેસના ગામ તેમજ આસપાસના વિસ્તારોમાં સર્વેલાન્સ અને દવા છંટકાવ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

# ઘોઘંબાના લાલપુરી ગામે સેન્ડ ફાયર માખીઓ મળી આવી છે તે ગામમાં ગંદકી વચ્ચે નંદઘરમાં બાળકો અભ્યાસ માટે આવતાં હોય તેવા બાળકોનું આરોગ્ય જોખમમાં



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામે ૧૨ દિવસ પહેલા એક ૯ વર્ષીય બાળકીનું શંકાસ્પદ ચાંદીપુરામાં મોત નિપજાવા પામ્યું છે. જેને લઈ આરોગ્ય વિભાગ સફાળું જાગીને લાલપુરી ગામે સર્વેક્ષણ હાથ ધરવામાં આવતાં ૭૦ જેટલી સેન્ડ ફાયર માખીઓ મળી આવી છે. ત્યારે આ ગામમાં આવેલ નંદઘરની આસપાસ કાદવ-કીચડ અને ગંદકી વચ્ચે બાળકો બેસતા હોય ત્યારે આ બાબતે તંત્ર જાગૃતિ રાખીને કાર્યવાહી કરે તે જરૂરી છે.

ઘોઘંબાના લાલપુરી ગામે જીલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સર્વેક્ષણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આરોગ્ય વિભાગની તપાસમાં ચાંદીપુરા વાયરસ વાહક ગણાવી સેન્ડ ફાયર માખીઓ ૭૦ મળી આવી છે. જે ગંભીર ગણી શકાય છે અને આરોગ્ય વિભાગ દ્વારા સેન્ડ ફાયર માખીઓ પરિક્ષણ માટે પૂના ખાતે મોકલી આપવામાં આવી છે. ચાંદીપુરા વાયસરના સંક્રમણનો ભોગ નાના બાળકો બની રહ્યા છે અને ચાંદીપુરા વાયરસનો ભોગ બનતા જાન પણ ગુમાવી રહ્યા છે. લાલપુરી ગામમાં એક ૯ વર્ષીય બાળકીનું શંકાસ્પદ ચાંદીપુરા ગામમાં એક વાયરસને લઈ મોત નિપજાવા પામ્યું છે. ચાંદીપુરા વાયરસ વાહક ૭૦ જેટલી સેન્ડ ફાયર માખીઓ ગામ માંથી મળી આવી છે. ત્યારે ગામમાં આવેલ નંદઘરમાં નાના બાળકો અભ્યાસ માટે આવતા હોય છે. તેવા નંદઘરની આસપાસ ગંદકી અને કાદવ-કીચડનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. જ્યારે બાળકોમાં ચાંદીપુરા વાયરસનો ભોગ બની રહ્યા છે. તેવા સંજોગોમાં લાલપુરી ગામે નંદઘરની આસપાસ જોવા મળતી ગંદકીની વચ્ચે બાળકો આવતા હોય તેવા બાળકોના આરોગ્ય માટે જોખમી છે. ત્યારે આરોગ્ય વિભાગ અને તંત્ર દ્વારા નંદઘરની આસપાસની ગંદકી દુર કરાવી દવાનો છંટકાવ કરવામાં આવે તેમજ નંદઘરમાં આવતાં બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે તે જરૂરી છે.

# હાલોલ નગર પાલિકા ચીફ ઓફિસર અને વોર્ડ નં.૧ના માજી સભ્ય વચ્ચે ઝપાઝપીમાં ચીફ ઓફિસરને આંગળીમાં ઈજા હાલોલ પોલીસ મથકે ફરિયાદ



હાલોલ,

હાલોલ નગર પાલિકાના મહિલા ચીફ ઓફિસર પોતાની ચેમ્બરમાં કામ કરતા હોય દરમિયાન વોર્ડ નંબર-૧ના સભ્ય રજુઆત માટે આવ્યા હતા. અગત્યના કામમાં રોકાયેલ ચીફ ઓફિસર પછી આવો તેમ કહેતા પૂર્વ પાલિકા સભ્ય ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલા ચીફ ઓફિસર સાથે ઝપાઝપી કરતાં ચીફ ઓફિસરના હાથની આંગળીમાં ઈજાઓ પહોંચતા રેફકલમાં દવા સારવાર કરાવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પહોંચ્યા હતા. પોલીસ મથકે બન્નેએ એકબીજા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.વિસ્તૃત વિગતો મુજબ હાલોલ પાલિકાના ચીફ ઓફિસર હિરલબેન ઠાકર પોતાની ચેમ્બરાં બેસીને સ્વાગત કાર્યક્રમના પ્રશ્નો ફાઈલો તૈયાર કરતા હોય ત્યારે હાલોલ વોર્ડ નંબર-૧ના પૂર્વ સભ્ય દેવકરણ ગઢવી ચીફ ઓફિસરના ચેમ્બરમાં ધસી આવ્યા હતા અને પૂર્વ સભ્ય રજુઆતો માટે વાત કરવા જતાં ચીફ ઓફિસર એ અગત્યનું કામ ચાલું છે પછીથી રજુઆત માટે આવો તેમ કહેતા દેવકરણ ગઢવી ઉશ્કેરાઈ ગયા હતા. જેને લઈ ચીફ ઓફિસર હિરલબેન ઠાકર ઉભા થઈને ચેમ્બર બહાર જવા તો નિકળતા ત્યારે દેવકરણ ગઢવીએ મહિલા ચીફ ઓફિસર સાથે ઝપાઝપી કરી હતી. ઝપાઝપીમાં સી.ઓ. હિરલબેન ઠાકરને ડાબા હાથની આંગળીમાં ઈજાઓ થતાં હાલોલ રેફરલ હોસ્પિટલમાં સારવાર ગયા અને સારવાર કરાવી હાલોલ પોલીસ મથકે ફરિયાદ માટે પહોંચ્યા હતા અને પૂર્વ સભ્ય વિરૂદ્ધ ઝપાઝપી કરી ઈજાઓ પહોંચાડવાની ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામાપક્ષે પૂર્વ સભ્ય દેવકરણ ગઢવીએ અમારા વોર્ડ નંબર-૧માં ડોર ટુ ડોર કચરા માટે ટ્રેક્ટર અનિયમિત આવતું હોય અને પાણી ન આવતું હોય તેની રજુઆત કરવા ફોન કરતાં ફોન રીસીવ કરતા ન હોય ઓફિસમાં આજે રજુઆત માટે પહોંચ્યો હતો. ચીફ ઓફિસર મને બહાર નિકળવાનું કહેતા જો મારી રજુઆત સાંભળી લો મારી રજુઆત નહિ સાંભળી ચીફ ઓફિસરે ઉભા થઈને મારી ફેટ પકડી ચેમ્બર માંથી બહાર કાઢી મૂક્યો હતો. સરકારી કર્મચારી તરીકે નગરજનો સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરતા હોવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી છે.

# ઓછો વરસાદ : વીજળી, સિંચાઈના ઠેકાણાનહિ ફરી ખેડૂતોના માથે દશા બેઠી



નદીસર,

સતત પાંચ પાંચ વર્ષ થી ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના નદીસર,ખજૂરી (ન), કબીરપુર, છાપરિયા, ટોળાના મુવાડા પંથકના ખેડૂતોના માથે દશા બેઠી છે. નબળો વરસાદ, સિંચાઈની વ્યવસ્થા બદતર અને વીજળીના ઠેકાણા નહિ સતત માર ખાતો ખેડૂત હવે નાસીપાસ થઇ ગયો છે

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના નદીસર તેમજ આસપાસના ગામોમાં પાંચ વર્ષ ઉપરાંત થી ખેડૂતોની માઠી દશા બેઠી છે. અહીંયા સતત પાંચમા વર્ષે ચોમાસાની શરૂઆત નબળી રહી છે. જુલાઈ માસ હવે દશ દિવસમાં પૂર્ણ થશે, પણ હજુ ડાંગરની રોપણી પાણીના અભાવે શક્ય બની નથી. હજુ સુધી ક્યારીઓ ભરાઈ તેવો વરસાદ પડ્યો નથી. આ તરફ અહીંયાના નાના મોટા થઈને છ તળાવો ખાલી છે. ત્યારે ખેડૂતોને ડાંગર રોપણી માટે પાનમ સિંચાઈ વિભાગ દ્વારા નહેરમાં પાણી છોડવામાં આવ્યું છે, પણ વર્ષો થી જે સમસ્યા છે તે રીતે નદીસર પંથકમાં સિંચાઈનું પાણી આગળના ગામોમાં રોપણી પૂર્ણ ના થાય ત્યાં સુધી આવે તેમ નથી. આ તરફ ખેડૂત શનાભાઈ કે વણકર, રમેશભાઈ એ પટેલ, રઘુવીરસિંહ વિરપુરા સહિતના ખેડૂતોએ જણાવ્યું હતું કે, અમારે ડાંગરનું દરૂ તૈયાર થઇ ગયું છે. એજ તરફ વરસાદ નથી. બીજી તરફ પાનમ સિંચાઈનું પાણી પણ આવતું નથી, તો ત્રીજી શક્યતા કૂવાઓ માંથી પાણી લઈને પણ રોપણી કરી દઈ એ પણ ખેતી માટે મળતો થ્રી ફેજ પાવર પણ લાઈન ફોલ્ટ વારંવાર થવાના કારણે પૂરતો અને સમયસર મળતો નથી વીજ કંપની ને આ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય છે.

નદીસર પંથકની પાનમ સિંચાઈની કેનાલ અને તેની માઈનોર કેનાલોમાં સફાઈ કામ પણ નિયમિત થતું નથી. તેમજ અહીંયા સતેરાવ તળાવનું આધુનિક કરણ કરીને સદર તળાવ મારફતે જો સિંચાઇ વ્યવસ્થા ઉભી કરવામાં આવે અથવા તો નદીસર પંથકને રેના મુખ્ય કેનાલ માંથી પાઈપ લાઇન મારફતે સીધું પાણી આપવા આવે તો અથવા તો નર્મદા કેનાલ માંથી નવી યોજના બનાવીને સિંચાઇ માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો જ નદીસરને બારે માસ પાણી મળી રહે તેમ છે. નદીસર થી માંડ પાંચ સાત કિલોમીટરના અંતરે આવેલા મોરવા, ગોકળપુરા, ઊંજડા જેવા ગામોમાં ખેડૂતો ચોમાસુ અને ઉનાળુ બન્ને સીઝન ડાંગરનું ભરપૂર માત્રામાં વાવેતર કરીને સારી આવક મેળવે છે. જ્યારે નદીસરમાં ચોમાસાનું સીઝનમાં પણ મહામુસીબતે ડાંગર રોપણી શક્ય બને છે. જેમાં પણ સમયસર પાણી ન મળતા ખેડૂતોને પાકમાં નુકશાન વેઠવું પડે છે.

આ તરફ નદીસર પંથક તાલુકામાં સૌથી વધુ ખેતીવાડી વીજ કનેકશન ધરાવતો વિસ્તાર છે, છતાં સમયાંતરે નિયમિત મુખ્ય લાઈન અને એલ.ટી. લાઈનોનું સમારકામ ન થવાના કારણે ચોમાસામાં વારંવાર વિંજ ફોલ્ટની સમસ્યાના કારણે ખેડૂતોને વીજ પુરવઠો પુરતો મળતો નથી.

સતત પાંચ પાંચ વર્ષ થી ઉપરોક્ત સમસ્યાને લઈને ખેડૂતને મોટાભાગના પાકોમાં અત્યંત નુકશાન વેઠવું પડે છે. ત્યારે સમગ્ર વિસ્તારમાં સતત થ્રી ફેજ વીજ પુરવઠો નિયમિત મળે અને તાત્કાલિક પાનમ સિંચાઈનું પાણી મળી રહે તેજ અહીંયા ખેડૂતોની માંગ છે.

# ગોધરાના ધોળાકુવા ગામે જુગાર રમતા ત્રણ જુગારીયાને ૬૫ રૂપીયાના મુદ્દામાલ સાથે એલસીબીએ ઝડપ્યા



ગોધરા,

ગોધરાના ધોળાકુવા ગામે ખુલ્લામાં જુગાર રમતા સ્થળે પોલીસે રેઈડ કરી ૩ જુગારીયાએ રોકડ, મોટર સાયકલ મળી કુલ ૬૫,૩૪૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાના ધોળાકુવા ગામે પરમાર ફળીયામાં કેટલાક લોકો આર્થિક લાભ માટે પાના-પત્તાનો જુગાર રમાડી રહ્યા છે. તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન પર્વતભાઈ તુકાભાઈ ગણાવા, વિમલભાઈ ભાનુભાઈ બારીયા, એહમદ હુસેન સકલાને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ જુગારીયાઓની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રોકડા ૪૦,૩૪૦/-રૂ., મોટર સાયકલ-૧ મળી કુલ ૬૫,૩૭૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# ડો.જશવંત પરમાર દ્વારા પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લામાં ૫ નવીન વોલ્વો બસ ફાળવવા બાબતે રજૂઆત કરાઈ.




ગુજરાત રાજ્યસભાના સાંસદ ડોક્ટર જશવંતસિંહ પરમાર દ્વારા ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ અમદાવાદ ખાતે મુખ્ય પરિવહન અને વાહન વ્યવસ્થાપકને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. જેમાં પંચમહાલ, મહિસાગર અને દાહોદ જિલ્લામાં મુખ્યત્વે મોટાભાગના લોકો એસટી બસનો ઉપયોગ કરતા હોય છે. જે માટે પંચમહાલ મહીસાગર અને દાહોદ જિલ્લામાં જીએસઆરટીસી પરિવહનની સુવિધા વધુ ઉપયોગી બને તે માટે અલગ અલગ રૂટ માટે નવીન પાંચ વોલ્વો બસની ફાળવણી કરી આપવા માટે લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. રાજ્યસભાના સાંસદ ડોક્ટર જશવંતસિંહ પરમાર દ્વારા પંચમહાલ દાહોદ અને મહિસાગર જિલ્લાની મોટાભાગની પ્રજા એસટી બસનો ઉપયોગ કરતી હોય છે. જેથી ત્રણેય જિલ્લાની જનતાને વોલ્વો બસની સુવિધાઓ મળી રહે તે માટે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ અમદાવાદ ખાતે મુખ્ય પરિવહન અને વાહન વ્યવસ્થાપકને લેખિતમાં રજૂઆત કરી જિલ્લાઓમાં નવીન પાંચ વોલ્વો બસની ફાળવવામાં આવે તે માટે લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. જેમાં નીચે દર્શાવેલ રૂટ માટે ખાસ વોલ્વો બસ ફાળવવા ભલામણ કરવામાં આવી છે. (૧)દાહોદ - ગોધરા - અમદાવાદ - ગાંધીનગર, (સવારે ૮:૦૦ કલાકે પ્રસ્થાન સાંજે ૪:૦૦ વાગ્યે રિટર્ન.), (૨)દાહોદ - સંતરામપુર - લુણાવાડા - અમદાવાદ,(૩) ગોધરા - અમદાવાદ (ા-મજ્ઞક્ષ) માટે,(૪)દાહોદ - ગોધરા - અમદાવાદ - ભુજ,(૫)દાહોદ - ગોધરા અમદાવાદ જામનગર

# પંચમહાલ જીલ્લા કલેકટરે હાલોલ તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના મોડેલ ફાર્મની મુલાકાત લીધી



ગોધરા

સમગ્ર દેશમાં આજે પ્રાકૃતિક ખેતીના અભિયાનને વેગ મળી રહ્યો છે। ત્યારે પંચમહાલ જીલ્લા કલેકટર આશિષ કુમારે આજે પ્રાકૃતિક ખેતીમાં થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી. પંચમહાલ જીલ્લા કલેકટરએ ફિલ્ડ મુલાકાત ગોઠવીને હાલોલ તાલુકાના કંજરી ગામે પ્રાકૃતિક ખેતી કરતા અશોકભાઈ નામના ખેડૂતના મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી. તેમણે આ મોડલ ફાર્મના જે ખેડૂતો ખેતી કરે છે, તેમની સાથે પ્રાકૃતિક ખેતી અંગે રૂબરૂ ચર્ચા કરી હતી. ખેતીમાં શું મુશ્કેલી પડે છે અને ખેડૂતોને કયા કયા ફાયદા રહે છે, તે અંગે વાતચીત કરી હતી.

પ્રાકૃતિક કરતા ખેડૂતોએ પણ આ ચર્ચામાં ભાગ લીધો હતો. આ તકે ખેડૂત અશોકભાઈએ કહ્યું હતું કે, શરૂઆતમાં એક થી બે વર્ષ પછી પ્રાકૃતિક ખેતીની વિશેષતા અને ફાયદા અંગે જાણકારી મળતા છેલ્લા ત્રણ વર્ષથી તેઓ કોઈપણ જાતના ખાતર કે દવા વાપર્યા વગર પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. તેમણે જીવામૃત, ઘન જીવામૃત અને પ્રાકૃતિકના અન્ય આયામો અપનાવ્યા છે. જેના પરિણામે ઓછા ખર્ચે વધુ નફો મળ્યો છે. આ પ્રસંગે જીલ્લા કલેકટર અને મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા ખેતીવાડી અધિકારી એમ.જી.પટેલ, હાલોલ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના રેન્જ ફોરેસ્ટર ઓફિસર સહિત યુનિવર્સિટીના પ્રતિનિધિ અને આત્મા પંચમહાલના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા કાલોલ ભગીની શાળામાં ધો ૪ અને ૫ ના વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ



કાલોલ,

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન પંચમહાલના પ્રભારી સુભાષચંદ્ર મહેતા (એડવોકેટ) તરફથી કાલોલની ભગીની સેવા મંડળ સંચાલીત શાળામાં ધો ૪ અને ધો ૫ના વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાયું. જે કાર્યક્રમમા ભગીની મંડળના મંત્રી અને VYOના દિપ્તીબેન પરીખ, લાડ જ્ઞાતિના પ્રમુખ શશીકાંત પરીખ, રામજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ શાહ, VYO મહીલા વિંગના સ્નેહલ મહેતા, અસ્મિતા પરીખ, સીમા ગાંધી અરૂણાબેન શાહ, શાળાના આચાર્ય અને સ્ટાફ તેમજ વિદ્યાર્થિઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગીક પ્રવચનમાં દાતાનો આભાર વ્યકત કરી અંદાજીત ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાયુંહતું.

# ગોધરા સિંદુરી માતા મંદિર વિસ્તાર એપીએમસી માર્કેટ પાસેથી અજાણ્યા વ્યકિતનો મૃતદેહ મળ્યો

ગોધરા,

ગોધરા સિંદુરી માતા મંદિર વિસ્તારમાં ગજાનંદ સો-મીલની સામે ગતરોજ મોડીસાંજે અજાણ્યા આઘેડ વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બાબતે પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબ્જો મેળવી પી.એમ.અર્થે ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા સિંદુરી માતા મંદિર વિસ્તારમાં એપીએમસી માર્કેટ પાસે ગજાનંદ સો-મીલ સામેથી ગતરોજ મોડીસાંજે અજાણ્યા ૫૦ વર્ષ આશરાના આઘેડ મરણ ગયેલ હાલતમાં મળી આવ્યો હતો. સ્થાનિક દ્વારા ગોધરા બી-ડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને અજાણ્યા આઘેડ વ્યક્તિના મૃતદેહનો કબ્જો મેળવીને પી.એમ.અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બાબતે બી-ડીવીઝન પોલીસ મથકે અકસ્માત મોત અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલોલના કાનોડ ગામે પ્રાથમિક શાળાના નવ ઓરડાઓનું સાંસદના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું



કાલોલ,

કાલોલ તાલુકાના કાનોડ ગામે શાળાના ૧૪૮માં સ્થાપના દિવસે પંચમહાલ લોકસભા સાંસદ રાજપાલસિંહ જાદવના હસ્તે નવ જેટલા નવીન પ્રાથમિક શાળાના ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ તેમજ જીલ્લા પ્રમુખ રેણુકાબેન ડાયરા કાલોલ તાલુકા વિકાસ અધિકારી એસ.જે.ચૌહાણ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકરી ગાયત્રીબેન, તાલુકા પંચાયત પ્રમુખ સવિતાબેન રાઠવા, જીલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન અરવિંદસિંહ પરમાર તેમજ કાનોડ ગ્રામ પંચાયતના સરપંચ પુષ્પાબેન ચૌહાણ, જીલ્લા પંચાયત સદસ્ય પ્રવિણસિંહ ચૌહાણ તેમજ કાલોલ ભારતીય જનતા પાર્ટી પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ સહિત પ્રાથમિક શાળાનો સ્ટાફગણ ઉપસ્થિત રહયા હતા અને પંચમહાલ લોકસભા સાંસદ રાજપાલસિંહ જાદવના હસ્તે નવ જેટલા નવીન પ્રાથમિક શાળાના ઓરડા ની રીબીન કાપી લોકાર્પણ કરવામાં આવ્યું હતું